# પશુપાલકો પર સાબરડેરીનો કઠુરાઘાત ત્રીજી વખત ભાવ ઘટાડાનો ડોઝ અપાયો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અંદાજે ૩ લાખથી વધુ દૂધ ઉત્પાદકો બે ટાઈમ ગાયો અને ભેંસોનું પાલન કરી દૂધ સાબરડેરીને આપે છે. પરંતુ સાબરડેરીની કસ્ટોડીયન કમિટી દૂધ ઉત્પાદકો માટે જાણે કે દુશ્મન બની હોય તેમ સાબરડેરીને બચાવવાના બહાને છેલ્લા ત્રણ મહીનામાં દૂધના ભાવમાં ઘટાડો કરીને દૂધ ઉત્પાદકોની ઉંઘ હરામ કરી દીધી છે. દરમ્યાન સાબરડેરીએ શુક્રવારથી ભેંસના દૂધના ભાવમાં રૂ. ૧૦ જ્યારે ગાયના દૂધમાં ભાવમાં રૂ. ૯ પ્રતિ કિલોફેંટે ઘટાડો કરી દીધો છે. જેના કારણે હવે તો પશુપાલકોને પોતાના ઘરે દુધાળા પશુઓ રાખતા પહેલા વિચાર કરવો પડે તેવી હાલત થઈ ગઈ છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરીને નિયામક મંડળની ચૂંટણીની મુદત પૂર્ણ થઈ ગયા બાદ સત્તા પર ચિમકી રહેવા માટે સાબરડેરીના કેટલાક ડીરેક્ટરોએ ચૂંટણીનો મામલો કોર્ટમાં હોવા છતાં રાજકિય વગ વાપરીને કસ્ટોડીયન કમિટીના નામે વહીવટ કરવાની એક પણ તક જતી કરી નથી. તો બીજી તરફ સાબરડેરીમાં વહીવટદાર હોવા છતાં તેઓ માત્ર નામ પુરતા હોય તેવી છાપ જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં ઉપસી રહી છે.

તો બીજી તરફ સાબરડેરીના સત્તાવાળાઓ નુકસાનમાંથી સાબરડેરીને બહાર કાઢવાના બહાને ત્રણ મહીના અગાઉ સાબરકાંઠા તથા અરવલ્લીના મળી ૩ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને દૂધનો ભાવ પ્રતિ કિલોફેંટના ભેંસના રૂ. ૬૬૦ અને ગાયના ૨૯૮ ભાવ ચુકવાયો હતો. પરંતુ કસ્ટોડીયન કમિટીની અણઆવડત અથવા તો રાજકિય કારણોસર દૂધના ધંધામાં આવેલી મંદીના બહાને અત્યારે દૂધ ઉત્પાદકોને ભેંસના દૂધમાં પ્રતિકિલો ફેંટના રૂ. ૭૦ જ્યારે ગાયના દૂધના પ્રતિ કિલોફેંટના ભાવમાં રૂ. ૪૪નો ઘટાડો કરાયો છે. જે દૂધ ઉત્પાદકો માટે કઠુરાઘાત સમાન સાબિત થયો છે.

સાબરડેરીએ શુક્રવારથી અમલી બનનારા નવા ભાવ મુજબ બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને હવેથી ભેંસના દૂધનો ભાવ રૂ. ૬૦૦ને બદલે ૫૯૦ જ્યારે ગાયના દૂધનો ભાવ ૨૬૩.૫૦ને બદલે ૨૫૪.૫૦ મુજબ ચુકવવા માટેના પરીપત્રો સાબરડેરીએ સ્થાનિક દૂધમંડળીઓને પાઠવી દીધા છે. જે અંગે દૂધ ઉત્પાદકોને જ્યારે ખબર પડશે ત્યારે તેઓ ભવિષ્યમાં પોતાના ઘરે દુધાળા પશુઓ રાખવા માટે સો વખત વિચાર કરે તેવા હાલ સાબરડેરીના સત્તાવાળાઓએ કરી દીધા છે.

કેટલાક દૂધ ઉત્પાગકોએ નામ ના આપવાની શરતે જણાવ્યુ હતુ કે સાબરડેરીની કસ્ટોડીયન કમિટીએ સરકાર પ્રેરીત હોવાની છાપ ઉપસી રહી છે. ત્યારે દૂધ ઉત્પાદકો એવું સ્પષ્ટ માને છે કે અગાઉ કેન્દ્ર અને રાજ્ય સરકારે દૂધના પાવડરની નિકાસ પર જે સબસીડી આપવાની જાહેરાત કરી હતી તે વાત જાણે કે ભુલાઈ ગઈ હોય તેમ લાગી રહ્યુ છે. કેટલાક દૂધ ઉત્પાદકો એમ પણ કહે છે કે દૂધનો ભાવ ઘટે છે તો સાથે સાથે સાબરદાણના ભાવમાં ઘટાડો કેમ નથી કરાતો તે સમજાતુ નથી.

# દઘાલીયાથી રાજલી સુધી ડામર રોડની કામગીરીનો પ્રારંભ

મોડાસા, તા. ૨૧

મોડાસાના દઘાલીયા ગામથી રાજલી સુધીનો રોડ છેલ્લા પંદર વર્ષથી બિસ્માર હાલતમાં

હતો, સ્થાનિકો દ્વારા તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં માંગણી સંતોષાતી ન હતી ત્યારે ગામના સરપંચ ભાનુભાઈ પંડ્યા અંગત રસ લઈ સરકારમાં રજુઆત કરતા ડામર રોડની મંજૂરી મળતા સ્થાનિકોમાં આનંદ છવાયો હતો. દઘાલીયાથી રાજલીને જોડતો માર્ગ એ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ઘણા વર્ષોના વાયદાઓ પછી આજરોજ દઘાલીયાથી રાજલી સુધી આવન-જાવન માટેના કાચા રસ્તામાંથી ડામર રોડ બનાવાની કામગીરી આરએન્ડબી અરવલ્લી દ્વારા હાથ ધરાતા ટૂંક સમયમાં લોકોને આવનજાવન માટે રાહત મળશે. ૭૫૦ મીટરનો ડામર રોડ ૯૦ લાખના ખર્ચે તૈયાર થશે ત્યારે આજે દઘાલીયા ગામના સરપંચ ભાનુભાઈ પંડ્યાએ સ્થાનેકોને સાથે રાખી રોડની મુલાકાત લીધી હતી. વધુમાં સરપંચે સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે હવે ખેડૂતો અને વાહન ચાલકોને મુશ્કેલી નહીં વેઠવી પડે.

# અરવલ્લી જિલ્લામાં લેન્ડ રેકર્ડસના કર્મચારીઓ આંદોલનના માર્ગે

## જમીન રી-સર્વેના વાંધા નિકાલની નીતિ-રીતિનો વિરોધ

રાજ્ય સરકાર દ્વારા જમીન માપણીની રી-સર્વેની કામગીરી સેટેલાઈટ મારફતે ખાનગી એજન્સીઓને કોન્ટ્રાક આપી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જમીન માપણીમાં અનેક ગોટાળા બહાર આવતા ખેડૂતોમાં ભારે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. જમીન માપણીના રીસર્વેની કામગીરીમાં આવેલા વાંધાના નિકાલ માટેની સરકારી નીતિ અને કર્મચારીઓ પર કરતા દબાણના વિરોધમાં અરવલ્લી જીલ્લાના લેન્ડ રેકર્ડસ વિભાગના કર્મચારીઓએ સરકાર સામે રણસીંગુ ફુક્યું છે ૧૭ ડિસેમ્બરથી કાળી પટ્ટી ધારણ કર્યા બાદ તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ નહિ આવેતો ૩૧ ડિસેમ્બરે રાજ્ય બહારના લેન્ડ રેકર્ડસના કર્મચારીઓ સામુહિક રજા પર અને ૧૬ જાન્યુઆરીથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી ઉચ્ચારી છે.

ઘણા વરસો બાદ અરવલ્લી જીલ્લા સહીત રાજ્યમાં જમીનોનો રીસર્વે કરાવવામાં આવી છે. આ રીસર્વેની કામગીરી સરકારે ખાનગી એજન્સી સોંપી હતી. આ કામગીરી મોટાભાગે પૂર્ણ થઈ છે પરંતુ આ કામગીરી સામે મોટા

તસવીર : મેહુલ જોષી

પ્રમાણમાં ખેડૂતોની વાંધા અરજી આવી છે. આ વાંધા અરજીઓનો નિકાલ કરવાની જવાબદારી લેન્ડ રેકર્ડસના કર્મચારીઓને સોંપી છે પરંતુ અશક્ય ગણાતા લક્ષાંક આપ્યા છે અને ૩૧ મી ડિસેમ્બરે તમામ વાંધા અરજીઓનો નિકાલ કરવાનું જણાવતા કર્મચારીમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. વાંધા અરજી નિકાલની પદ્ધતિથી ખેડૂતની જમીનના વાંધાનો નિકાલ કરવા જતા આજુબાજુના ત્રણ-ચાર ખેડૂતોની સ્થિતિ બગડે તેમ હોવાથી ભવિષ્યમાં ખેડૂત-ખેડૂત વચ્ચે અને ખેડૂત-કર્મચારીઓ ચકમક ઝરવાની સાથે માથાકૂટનું નિર્માણ થવાની સંભાવનાના પગલે અને કર્મચારીઓને અશક્ય લક્ષાંક પૂર્ણ કરવા નોટિસ વગેરેની ધમકી પણ અપાતી હોવાનું અરવલ્લી જીલ્લાના લેન્ડ રેકર્ડસ કર્મચારીઓએ જણાવ્યું હતું. ખોટી રીતે કનડગત થતી હોવાથી આખરે સરકાર સામે આંદોલન કરવાની ફરજ પડી હોવાનું જણાવ્યું હતું.

# ઊંઝામાં વાયદા ટ્રેડીંગ સમયમાં ફેરફાર થતાં વેપારીઓ દ્વારા વિરોધ

## ટ્રેડીંગનો સમય ૧૦ થી ૫ના સ્થાને ૯થી મોડી સાંજનો કરતા વેપારીઓમાં કચવાટ

ઊંઝા, તા. ૨૧

કૃષિ ચીજોના વાયદાના ટ્રેડિંગ સમયમાં ફેરફાર કરીને સમય વધારવામાં આવતાં આના વિરોધમાં આજે વેપારી મથક ઊંઝા માર્કેટયાડમાં વેપારીવર્ગ બંધ પાળી વિરોધ વ્યક્ત કર્યો હતો.

જાણવા મળ્યા મુજબ આગામી જાન્યુ-૨૦૧૯થી કૃષિ ચીજોના વાયદાના ટ્રેડિંગ સમયમાં ફેરફાર કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે. વાયદા બજારનો વર્તમાન ટ્રેડિંગનો સમય સવારના ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધીનો છે તેને વધારીને આગામી જાન્યુઆરી-૨૦૧૯થી સવારના ૯ થી મોડી સાંજ સુધી કરવાનો નિર્ણય કરાયો છે. આ સમય વધારા સામે વેપારીવર્ગ સખ્ત વિરોધ દર્શાવી આજે ઊંઝા માર્કેટયાર્ડમાં બંધ પાળ્યો હતો. જેથી યાર્ડમાં વેપારી કામકાજ ઠપ્પ રહ્યું હતું. સ્થાનિક વેપારી મંડળ અને દલાલ એસોસિએશને પણ બંધને ટેકો જાહેર કર્યો હતો.

કૃષિ ચીજોના વાયદાનો ટ્રેડિંગ સમય યથાવત રાખવા માટે લાગતા વળગતા સત્તાધિશોને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ હજી સુધી કોઈ નિર્ણય ન લેવાતાં વેપારીઓએ બંધ પાળી વિરોધ વ્યક્ત કર્યો હતો.

વેપારીમથક ઊંઝા ખાતે છેલ્લા ઘણા વખતથી ડબ્બા ટ્રેડિંગનો ગેરકાયદે ધંધો ધમધોકાર રીતે ચાલી રહ્યો હોવાનું ચર્ચાય છે.

તસવીર : વિરેન્દ્ર રામી

મહેસાણા દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એશોસીએશન ઉપક્રમે દૂરડા સહાયક સંમેલનના શુભારંભ મંગલદીપ પ્રગટાવી દૂધસાગર ડેરીના ચેરમેન આશાબેન ઠાકોરે કર્યો હતો. તે પ્રસંગની તસવીરમાં વાઈસ ચેરમેન મોંઘજીભાઈ પટેલ, દૂધસાગર ડેરીના એમ.ડી. નીશીષ બક્ષી, ડેરીના ડી.જી.એમ. જયંતીભાઈ પટેલ નજરે પડે છે. જ્યારે બીજી તસવીરમાં વિશાળ જનમેદની નજરે પડે છે.

# રોજગાર વિનીયમ કચેરીના કર્મચારીએ આત્મહત્યા કરતા ચકચાર

મહેસાણા, તા. ૨૧

મહેસાણા કલેક્ટર કચેરીના બ્લોક નં. ૧માં આવેલા શૌચાલયમાં રોજગાર વિનીયમ કચેરીના આધેડે કર્મચારીએ સ્વયં પોતાના ગળા ઉપર તિક્ષ્ણ હથિયાર મારીને આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી જવા પામી હતી.

આ ઘટના અંગે પ્રાપ્ત વિગત પ્રમાણે વડગરન તાલુકાના શાહપુર(વડ) ગામના વાસુદેવ ડાહ્યાલાલ રાવલ (ઉં.વ.૫૭) મહેસાણા કલેક્ટર કચેરીમાં રોજગાર વિનીમય કચેરીમાં જુનીયર કારકુન તરીકે નોકરી કરતા હતા અને મે-૨૦૧૯માં રીટાયર્ડ થવાના હતા. તેમણે આજે એકાએક જ ફરજ પર આવ્યા બાદ કચેરીના ટોઈલેટમાં જઈ અગમ્ય કારણોસર પોતાના ગળા ઉપર બ્લેડ જેવા હથિયાર વડે ગંભીર ઈજાઓ કરી મોતને વહાલુ કર્યુ હતુ. લોહીથી લથપથ આ કર્મચારીનો મૃતદેહ મળી આવતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. પોલીસને તપાસ દરમ્યાન એક સુસાઈટ નોટ પણ મળી આવી હતી. જેમાં સ્ટાફ કે પરિવારને હેરાન કરશો નહી. મારી સ્વૈચ્છાએ જ આ પગલુ ભર્યુ હોવાનો ઉલ્લેખ કરી પોતાના દિકરા ધવલને તેની મમ્મી અને બહેનને સાચવવા જણાવ્યું છે. કલેક્ટર એચ.કે. પટેલે પણ બનાવના સ્થળની મુલાકાત લઈ વિગતો લીધી હતી. આ અંગે મહેસાણા એડિવીઝન પોલીસે ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. આ ઘટના અંગે લોકમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.

# ડીસામાં હિન્દુ યુવા સંગઠન દ્વારા અસામાજિક તત્વોની રંજાડ બાબતે આવેદનપત્ર અપાયું

ડીસા, તા. ૨૧

ડીસા શહેરમાં અસામાજિક તત્વોની રંજાડ અને

તસવીર : કાંતિલાલ લોધા

વિદ્યાર્થિનીઓની છેડતી બાબતે હિન્દુ યુવા સંગઠન દ્વારા ગતરોજ નાયબ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર અપાયું હતું. જેમાં ડીસામાં કેટલાક સમયથી ચોરી, ચેન સ્નેચિંગ તથા લૂંટની ઘટનાઓ વધી રહી છે. ત્યારે હિન્દુ યુવા સંગઠન દ્વારા ગતરોજ નાયબ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી ડીસા શહેરમાં લુખ્ખા તત્વો દ્વારા આચરાતી ગુનાહિત પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરી સ્કૂલ તથા કોલેજ જતી વિદ્યાર્થીનીઓની છેડતી કરતાં તત્વો સામે આકરા પગલાં લઈ આવા અસામાજીક તત્વોને કાયદાનો પાઠ ભણાવવાની માંગણી કરાઈ હતી. જો આ સમસ્યાનું કોઈ નિરાકરણ ના આવે તો હિન્દુ યુવા સંગઠને કાયદો હાથમાં લેવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

# ખેડબ્રહ્મા તાલુકાના વાઘેશ્વરી ગામે સીકલફેલ ડિસિસથી પીડાતી મહિલાને સારવાર દરમિયાન બચવાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકાના વાઘેશ્વરી ગામના સંગીતાબેન કિરણભાઈ ગમાર (ઉ.૨૫)ને બીજીવાર ગર્ભવતી થયા હતા, જેમાં સારવાર દરમ્યાન સિકલફેલ ડીસીઝની બીમારી બહાર આવતા ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય અધિકારી આર.ડી. ગોસ્વામી, ટિમ દ્વારા સંગીતાબેનને અમદાવાદ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમને બાળક ન રાખવાની સલાહ આપવામાં આવી હતી. પરંતુ પરિવાર ન માનતા બાળક રાખવામાં આવ્યુ હતું.

શુક્રવાર સવારે સંગીતાબેનને લેબર પેઈન થતા દેરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર લઈ જવામાં આવ્યા હતા ત્યાં ડોક્ટરે તાત્કાલિક ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં માતા અને બાળકને બચવવા માટે તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી હતી. સંગીતાબેન ખેડબ્રહ્મા હોસ્પિટલ પહોંચતા જ ગાયનોકોલોજીસ્ટ અશ્વિનભાઈ ગઢવીએ ઓપરેશનમાં લાઈ માતાને બચાવી લીધી હતી જ્યારે બાળક મરણ પામેલ હતું.

સિકલફેલ ડીસીજમાં દર્દીના શરીરમાં રક્તકણોફરતા ફરતા નસમાં એક જગ્યાએ ભરાઈ જાય છે ત્યારે આવી પરિસ્થિતિ ઉભી થાય છે અને આવી બીમારી વાળી માતાથી જન્મનાર બાળક પણ બીમારીનો શિકાર થાય છે. આર.ડી. ગોસ્વામી, તાલુકા હેલ્થ અધિકારી, ખેડબ્રહ્મા સિકલફેલ ડીસીજથી પીડાતી સંગીતાબેનના ગર્ભમાં રહેલ બાળકનું વજન ૩.૫ કિલો હતું અને ડિલિવરી સમયે બાળકનું માથું બહાર આવી ગયું હતું, પરંતુ સોલ્ડર બહાર ન આવી શકતા બાળકનું મૃત્યુ થયું હતું. જેને સોલ્ડર ડિસ્ટસિયા કહેવામાં આવે છે. આ ૧ લાખે ૧ વાર સામે આવતો કેસ છે.

તસવીર : રમેશ વૈષ્ણવ

## ખેડબ્રહ્મા બાર એસોશિયેશનના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા

ખેડબ્રહ્મા કોર્ટમાં વકીલ મંડળની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે રાજેન્દ્રસિંહ ચૌહાણ અને વિરલભાઈ વોરા જ્યારે ઉપપ્રમુખ તરીકે જગદીશકુમાર સુથાર અને જીતેન્દ્રભાઈ પરમારે ફોર્મ ભર્યા હતા. જેમાં શુક્રવારના રોજ ચૂંટણી અધિકારી આર.આર. જાનીએ ચૂંટણી યોજી હતી, જેમાં ૪૭ વકીલોએ મતદાન કર્યું હતું. જેમાં પ્રમુખ તરીકે વીરલ વોરા અને ઉપપ્રમુખ તરીકે જગદીશકુમાર સુથાર વિજય થાય હતા, જ્યારે મંત્રી તરીકે સતપાલસિંહ વાઘેલા, સહમંત્રી તરીકે મૃગેશભાઈ પટેલની બિન હરીફ વરણી કરવામાં આવી હતી. જીતેલા તમામ ઉમેદવારોને બાર એસોસિયેશનના મીત્રો અને હરીફ ઉમેદવાર રાજેન્દ્રસિહ ચૌહાણ, ભૂપતસિંહ વાઘેલા, અશ્વિનભાઈ જોશી સહિતના વકીલોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ધાનેરામાં જીએસટી વગરનો હોલસેલ માલ ઠલવાઈ રહ્યો છે

ધાનેરા, તા. ૨૧

સરકારે બનાવેલ નિતી-નિયમોને અભરાઈ પર ચડાવી વહેપારી વર્ગો બિલ વગરનો માલનો મોટા પાયે અવર જવર કરી રહ્યા છે.

ધાનેરામાં કેટલાક સમયથી દરેક પ્રકારનો જીએસટી બિલ વગરનો માલ ઉતરી રહ્યો છે. બહારથી આવતી ગાડીઓમાં તપાસ કરતાં કાચા બિલો જોવા મળે છે. અને ઘણા ખરાં બોગસ બિલો જોવા મળે છે. તો આ બાબતે સેલટેક્ષ વિભાગ ધાનેરામાં આવતો જીએસટી બિલ વગરનો માલ ઓચિંતી તપાસ કરી બહારથી આવતી ગાડીઓમાં તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતા છે.

ધાનેરા બજારમાં ગુટખા-બીડી, ઘી-તેલ વગેરે દરેક પ્રકારનો હોલસેલ માલ બહારથી સપ્લાય થાય છે. ધાનેરાના વહેપારીઓ પણ આ બિલ વગરનો માલ ઉતારી મસ મોટી રકમ ઉભી કરી રહ્યા છે. તો શું સેલટેક્ષ વિભાગ લાલ આંખ કરશે તેવુ ધાનેરા નગરમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

### આઈસીઆઈસીઆઈ બેંકે ગુજરાતમાં હોમ અને કન્ઝ્યુમર લોન વહેંચણીમાં

## ૨૦ ટકા સુધીનો વધારો કરીને લોનનું ૧૪૦૦૦ કરોડનું વિતરણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો

આઈસીઆઈસીઆઈ બેંકે આજે જાહેરાત કરી હતી કે એનો ઉદ્દેશ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાતમાં હોમ અને કન્ઝ્યુમર લોનનું વિતરણ ૨૦ ટકા વધારીને રૂ. ૧૪,૦૦૦ કરોડ કરવાનો છે. ચાલુ નાણાંકીય વર્ષમાં બેંક રૂ. ૯૦૦૦ કરોડની હોમ લોન અને રૂ. ૫૦૦૦ કરોડથી વધારીને કન્ઝ્યુમર લોનનું વિતરણ કરશે. બેંક હોમ લોનની સ્પેસમાં મહત્વપૂર્ણ માંગ અનુભવી છે. આ તકનો વધારે લાભ લેવા બેંક એફોર્ડબલ હાઉસિંગ સેગમેન્ટ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે તથા આણંદ, ભરૂચ, વાપી અને મણીનગર જેવા ટિઅર ૨ અને ૩ જેવા બજારોમાં એની કામગીરી વધારી રહી છે. કારણ કે આ હોમ લોન માટે મુખ્ય પ્રેરક પરિબળ છે.

આઈસીઆઈસીઆઈ બેંકનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનુપ બાગ્ચીએ કહ્યું હતું કે, 'ગુજરાતમાં અમારા હોમ લોન પોર્ટફોલિયોમાં વધારો થયો છે. અમે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં રૂ. ૯,૦૦૦ કરોડથી વધારીને હોમ લોન આપવા માંગીએ છીએ. આ વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અમે વિવિધ પ્રકારની વ્યૂહરચના અપનાવી છે - જેમાં ટિઅર ૨ અને ૩ બજારોમાં અમારી કામગીરીમાં વધારો કરવો, એફોર્ડબલ હાઉસિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું, ક્રેડિટ પ્રોસેસિંગ સેન્ટરની સંખ્યા ૪થી વધારીને ૧૮ કરવી, 'સ્ટેપ અપ' હોમ લોન્સ જેવી નવી પ્રોડક્ટ પ્રસ્તુત કરવી તેમજ ટેબ્લેટ અને સ્માર્ટફોર્મ આધારિત એપ્લિકેશન જેવી ટેકનોલોજી સંચાલિત સુવિધાઓનો ઉપયોગ કરવો તથા લોનની વહેંચણી કરવા બેંકની મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરવો વગેરે સામેલ છે.''

ચાલુ નાણાંકીય વર્ષમાં બેંકે હોમ લોન માટે ગુજરાતમાં વધુ સાત પ્રોસેસિંગ સેન્ટર સ્થાપિત કરવાની યોજના બનાવી છે. જેનાથી આ પ્રકારનાં સેન્ટરની સંખ્યા વધીને ૨૫ થઈ છે, જે અસરકારક પ્રક્રિયા, ગ્રાહકોની જરૂરિયાત માટે ઝડપી ટર્નએરાઉન્ડ ટાઈમ તેમજ સાતત્યપૂર્ણ વહેંચણી તરફ દોરી જશે. સમગ્ર ગુજરાતમાં કન્ઝ્યુમર લોન પોર્ટફોલિયોમાં પર્સનલ અને ઓટો લોનમાં વધારો જોવા મળી રહ્યો છે. પર્સનલ લોન પર બાગ્ચીએ કહ્યું હતું કે 'અમે અમારાં ડિજિટલ માધ્યમો મારફતે 'ઈન્સ્ટા પીએલ'તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા જેવી નવીન સેવાઓ ઓફર કરવા બેંકના ડિજિટલ ક્ષમતાનો મહત્વપૂર્ણ ઉપયોગ કર્યો છે અને અમેને પ્રેરક પ્રતિસાદ મળ્યો છે.

### ડેટા જાસૂસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાયરેક્ટરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ, સીબીઆઈ, એનઆઈએ, કેબિનેટ સેક્રેટેરિએટ (રો), ડાયરેક્ટરેટ ઑફ સિગ્નલ ઈન્ટેલિજેન્સ અને દિલ્હીના કમિશનર ઑફ પોલીસને દેશમાં ચાલનારા તમામ કમ્પ્યૂટરની જાસૂસીની મંજુરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલીમીનના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે કેન્દ્ર સરકારે માત્ર એક સામાન્ય સરકારી જાહેરનામા દ્વારા દેશમાં તમામ કમ્પ્યૂટરની જાસૂસીનો આદેશ આપ્યો છે. ઓવૈસીએ કહ્યું કે આખરે કેન્દ્ર સરકારે આ નિર્ણયથી 'ઘર-ઘર મોદી'નું પોતાનું વચન પાળી બતાવ્યું છે.

### આરોપી નિર્દોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે અમદાવાદ નજીક એન્કાઉન્ટરમાં મધ્યપ્રદેશના અપરાધી સોહરાબુદ્દીન શેખને ઠાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એક વર્ષ પછી ૨૮મી ડિસેમ્બર ૨૦૦૬ના દિવસે તુલસીરામ પ્રજાપતિને પણ ઠાર કરાયો હતો. ગયા ડિસેમ્બર મહિનામાં કેસમાં ટ્રાયલની શરૂઆત થઈ હતી. ગયા વર્ષે ૨૧૦ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. ૯૨ તાજના સાક્ષી બની ગયા હતા. વર્ષ ૨૦૧૨માં આ કેસ મુંબઈની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટે કેસને મુંબઈમાં ખસેડી લેવાનો આદેશ કર્યો હતો. આ ગાળા દરમિયાન શરૂઆતમાં ૩૮ આરોપીની નોંધણી કરવામાં આવી હતી. જેમાં ભાજપના હાલના પ્રમુખ અમિત શાહનો સમાવેશ થાય છે. શાહને નિર્દોષ જાહેર કરવામાં આવી ચુક્યા છે.

### જોખમી મકાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.શહેરમાં સરકારી આવાસોની દશા કંગાળ છે. જ્યારે દિનપ્રતિદિન સરકારી આવાસો જોખમી કેટેગરીમાં આવતા જાય છે. ત્યારે તંત્રના ચોપડે આવાસો માટેની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ પણ કપરુ બન્યુ છે. હાલ શહેરમાં ૧૫૬૪૮ જેટલા મકાનો વપરાશ હેઠળના છે. જ્યારે ૧૯૫૨ મકાનો ફાળવી શકાય તેવા છે. અન્ય ૨૦૪૮ મકાનો ફાળવી શકાય તેવા નથી. અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા આવસોની સ્થિતિ ચકાસવા માટે સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોની સ્થિતિ ધ્યાને આવી છે. તે મુજબ રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા સરકારી આવાસો ઘણાં ઓછા છે. જ્યારે હાલ વસવાટ હોય તેવા મકાનોમાં પણ કર્મચારીઓને અનેક પ્રશ્નો સતાવી રહ્યા છે. આવાસોના મજબુતીકરણની યોજના પણ મંદ ગતિએ ચાલી રહી છે. સેકટરોમાં સર્વેના અંતે તબક્કવાર મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ નવા મકાનો બાંધવા માટેની કાર્યયોજના પણ આખરી કરી દેવામાં આવી છે. જ્યારે હજુ પણ ભયજનક આવાસો તોડવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. નગરના સેકટરોમાં અંદાજિત ૨ હજાર જેટલા મકાનો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી આ મકાનોને તોડી નાંખવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરાશે. જ્યારે જે મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવા અનિવાર્ય હોય તે મુજબ મજબુતીરણનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

### કાતિલ ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહે છે. ઠંડીનો મિજાજ યથાવત રહેતા શિયાળો વધુ આકરો બન્યો છે. જો કે બે દિવસની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રીએ પહોંચી જતા દિવસ દરમિયાન નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. પરંતુ રાત્રિના સમયે ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના માર્ગો પર રોજની જેમ સન્નાટો છવાઈ ગયો હતો. ઠંડીની ઋતુ આક્રમક બનતા જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. તાવ શરદી અને સાંધાના દુખાવાના દર્દીઓ વધી રહ્યા છે. જ્યારે શ્વાસ અને દમના દર્દીઓ માટે શરદીની મોસમ કપરી બની છે.

### એક્ઝામ ડ્યુટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ અગાઉની જેમ યાદી તૈયાર હોય તેવા અધિકારીઓને જ કામ સોંપવામાં આવતા રજાના દિવસે પણ અધિકારીઓને કામ કરવાની નોબત આવી છે. છેલ્લા એક મહીનાથી ચાલતી પરીક્ષાઓને અનુલક્ષી યાદીમાં સમાવિષ્ટ હોય તેવા અધિકારીઓ પરિવારજનો માટે પણ સમય મળતો નથી. પરીક્ષાને અનુલક્ષી સપ્તાહમાં આ અધિકારીઓ દર બુધવારે પરીક્ષાલક્ષી તાલીમ માટે ફાળવવો પડે છે. જ્યારે શનિવારે સેન્ટર પર નિરિક્ષણ અને રવિવારે પરીક્ષામાં હાજર રહેવુ પડતુ હોવાથી અઠવાડીયાના ત્રણ દિવસ સમય આપવો પડે છે. સરકારી ભરતી માટે યોજાતી પરીક્ષાને અનુલક્ષી ડ્રો ના આધારે ફરજ સોંપાય તેવો ગણગણાટ પણ અધિકારીઓમાં પ્રવર્તયો છે.

### ક્રેડીટ પ્લાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હિસ્સો ૩૭.૮૮ ટકા રાખવા સૂચવવામાં આવ્યુ છે. જિલ્લામાં કૃષિ માટે અત્યંત પ્રોત્સાહક ક્રેડિટ પ્લાન સૂચવાયો છે જે કૃષિ વિકાસને નવી દિશા અને વેગ આપશે તેમ મનાઈ રહ્યુ છે. સોલાર એનર્જી અને શિક્ષણક્ષેત્રે ધિરાણની ટકાવારીમાં ઘટાડો સૂચવાયો છે. તેમજ કુલ જોગવાઈની સામે વિવિધ યોજનાઓ માટે ૧.૭૧ ટકા જેટલા હિસ્સો સૂચવવામાં આ